સુવિચાર
'મુંજવણ' સાથે દોડવું, એના કરતા 'સમજણ' સાથે ધીમુ ધીમું ચાલવું સારૂ...!!
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૦૯/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ભાદરવા સુદ-૪ વર્ષ : ૧૫ અંક : ૨૨૫

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૦૭-૦૯-૨૦૨૪,શનિવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
Prostate Cancer
કીડની
પ્રોસ્ટેટ
પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૯૩૦૦૦

## જિલ્લાનાં દરેક શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં આજથી ગણપતિ સ્થાપન કરાશે

# અમરેલી જિલ્લામાં આજથી "દેવા ઓ દેવા ગણપતિ દેવા"નો નાદ ગુંજી ઉઠશે

- જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીમાં ૧૨૫ વર્ષથી સાર્વજનિક ગણેશોત્સવનો નાગનાથ મંદિરમાં થશે પ્રારંભ
- સિનિયર સિટીઝન પાર્ક, વરસડા રેલ્વે ફાટક, સરકારવાડા, શિવપાર્ક સહિતનાં વિસ્તારોમાં પણ ગણેશોત્સવ યોજાશે
- આજથી ૧૦ દિવસ સુધી ગણેશોત્સવ દરમિયાન વિવિધ સ્પર્ધા, સંતવાણી સહિતનાં કાર્યક્રમો યોજાશે
- જિલ્લાનાં હજારો રહેણાંક મકાનમાં પણ ગણપતિ સ્થાપન કરવામાં આવતાં અનેરો ઉત્સાહ








અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લા સહિત સમગ્ર દેશમાં આવતીકાલ શનિવારથી "ગણેશ મહોત્સવ"નો ૧૦ દિવસ માટે પ્રારંભ થઈ રહ્યો હોય "દેવા ઓ દેવા ગણપતિ દેવા"નાં નાદથી વાતાવરણ ગુંજી ઉઠશે.

અમરેલી શહેરમાં છેલ્લા ૧૨૫ વર્ષથી સાર્વજનિક ગણેશોત્સવની ઉજવણી ૨૦૦ વર્ષ પુરાણા નાગનાથ મંદિરમાં થઈ રહી છે અને ૧૨૫ માં વર્ષ નિમિત્તે ગણપતિની ૨૫ મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે.

તદુઉપરાંત શહેરમાં દાયકાઓથી સરકારવાડામાં પણ ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. તો છેલ્લા ૧૦ થી ૨૦ વર્ષમાં શહેરમાં અનેક સ્થળોએ ગણેશ ઉત્સવ ઉજવાઈ રહ્યો છે.

શહેરનાં હાર્દસમા સરદાર ચોકમાં સિનિયર સિટીઝન પાર્ક, વરસડા રેલ્વે ફાટક સહિત સેંકડો સ્થળોએ હજારો ઘરોમાં પણ ગણપતિ સ્થાપન કરવામાં આવી રહ્યાં છે.

જિલ્લાનાં સાવરકુંડલા, રાજુલા, બગસરા, વડિયા સહિતનાં તમામ શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં પણ ગણેશઉતસવની તડામાર તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે અને આવતીકાલે વાજેત-ગાજતે ગણપતિની સ્થાપના ૧૦ દિવસ માટે કરીને વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજ કરવામાં આવતાં જિલ્લાની જનતા ગણપતિમય બની જશે.

### મંદિરની લાઈટ બંધ કરતી વેળા

## બાબરામાં યુવકનું ઈલેક્ટ્રીક શોર્ટ લાગવાથી મોત નિપજયું

અમરેલી, તા. ૬

મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ બાબરા ગામે મેલડી માતાના મંદિર પાસે સુરેશભાઈ ચણીયારાની વાડીએ રહેતા અંકીત કેશુભાઈ ગોહીલ નામનાં ૨૦ વર્ષિય વિદ્યાર્થી તા. ૫ ના રોજ સવારે ૮ વાગ્યે વાડીમાં આવેલ મેલડી માતાના મંદિરે લાઈટો બંધ કરવા જતાં ઈલેકટ્રીક શોક લાગેલ હોય. જેમને સારવારમાં બાબરા સરકારી દવાખાને લઈ આવતા ફરજ પરના ડોકટરે અંકીત કેશુભાઈ ગોહીલને મરણ ગયેલ જાહેર કરેલ હોવાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ચેકડેમનાં કાંઠે ચક્કર લગાવતા હોય

## સાવરકુંડલાનાં શ્રમજીવીનગરનાં આધેડનું પાણીમાં ડૂબી જવાથી કમકમાટીભર્યુ મોત

### અચાનક પગ લપસી જતાં ડૂબી ગયા

અમરેલી, તા. ૬

સાવરકુંડલાના શ્રમજીવીનગરમાં રહેતા જીવનભાઈ રઘાભાઈ વડેચા નામનાં ૫૮ વર્ષિય આધેડ તા. ૫ ના રોજ બપોરે ૧:૩૦ વાગ્યા આસપાસ વિજયાનગર રોડ ઉપર આવેલ શેણીની ખોડીયાર મંદિર પાસે આવેલ ચેકડેમના કાંઠે આંટા ફેરા મારતા હોય. તે દરમ્યાન અચાનક આધેડનો પગ લપસી જતા પાણીમાં ડુબી જવાથી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.




### વાડીએ નીચે સુતા હોય તેવા સમયે

## ચલાલાની પરિણીતાને ડાબા હાથની આંગળીમાં સર્પે દંશ મારતા મોત

અમરેલી, તા. ૬

ચલાલા ગામે રહેતા સગરામભાઈ સવજીભાઈ વાઘેલાના દિકરાની વહુ દક્ષાબેન કાળાભાઈ વાઘેલા ગત તા. ૨૯/૮ ના સવારના ૫ વાગ્યે પોતાની ભાગવી રાખેલ ચતુરભાઈ પટેલની વાડીએ નીચે સૂતેલા હોય. ત્યાં ઘરમાં ડાબા હાથમાં આંગળીમાં સાપે દંશ મારતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,550/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૬/૦૯/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

TATA AIA LIFE INSURANCE
આત્મનિર્ભર બનો
TATA સાથે જોડાઈને આત્મનિર્ભર બનો
આપ ટાટા કંપની સાથે એક ફ્રેન્ચાઈઝી (લીડર મોડલ) માં જોડાઈ શકો છો. કોઈપણ રોકાણ વગર અને આપ ઘણા લોકોને રોજગારી પણ આપી શકો છો.
અમરેલી જિલ્લાના દરેક તાલુકામાંથી જરૂર છે.
આ કામ માટે યોગ્યતા : માર્કેટીંગના અનુભવી, ટીમવર્ક કરી શકે તેવા તેમજ કોર્પોરેટ ઓફિસના કર્મચારી, નેટવર્ક બીઝનેશના લીડર, ધો.૧૨ પાસ
વધુ માહિતી માટે સંપર્ક : 95103 17788

## બસમાં ન કોઈ મુસાફર કે ડ્રાઈવર અને કંડકટર ન હોવા છતાં



# હે રામ : બગસરામાં ૪૫ મિનિટ સુધી પ્લેટફોર્મ ઉપર શરૂ રહી

**જનતા જનાર્દન સરકારી કરવેરા ભરવામાં બેવડી વળી જાય અને તે નાણાનો ખુલ્લેઆમ ધુમાડો**

**એસ.ટી. ડેપોમાં અનિયમિતતાની હારમાળા છતાં પણ ઉચ્ચ અધિકારી ડોકાતા નથી**

**પ્લેટફોર્મ ઉપર બસ શરૂ હોય તેનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો**

**સમગ્ર બનાવની તટસ્થ તપાસ કરીને જે કસુરવાન હોય તેની સામે કાર્યવાહી કરવા માંગ**


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૬

બગસરાનાં એસ.ટી. ડેપોનાં અનિયમિતતા અને બેદરકારીનાં અનેક કિસ્સા છાશવારે બહાર આવી રહ્યા છે. બસ સ્ટેન્ડમાં સ્વચ્છતાનો અભાવ, મુસાફરો માટે બેસવા સહિતની સુવિધા જોવા મળતી નથી અને લાંબા રૂટની બસ અવારનવાર મોડી ઉપડતી હોવાની ફરિયાદ ઉભી થઈ રહી છે.

દરમિયાનમાં એસ.ટી. ડેપોમાં આજે એક બસનું એન્જિન પોણો કલાક સુધી શરૂ રહ્યું. બસમાં ન કોઈ મુસાફર કે ડ્રાઈવર–કંડકટરની પણ ગેરહાજરી વચ્ચે બસનું એન્જિન શરૂ રહે એટલે ખુલ્લેઆમ જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી ખરીદાયેલ ડીઝલનો ધુમાડો થતાં મુસાફરોએ નિહાળ્યો અને આ ઘટનાનો વિડીયો સોશ્યલ મીડિયામાં પણ વાયરલ થયો.

બગસરા એસ.ટી. ડેપોમાં અનિયમિતતાની હારમાળા સર્જાઈ હોય ઉચ્ચ અધિકારીએ આકસ્મિક ચકાસણી કરવી જોઈએ તેવી માંગ મુસાફરવર્ગમાંથી ઉભી થઈ છે.

### ચલાલા નજીક આવેલ

## ગોપાલગ્રામનાં પોકસો કેસના આરોપીનો નિર્દોષ છુટકારો

**આરોપી તરફે એડવોકેટ વી.એ. વાળા અને એસ.બી. ભગતની દલીલો સફળ**




અમરેલી, તા. ૬

ચલાલા પોલીસ સ્ટેશનમાં ભોગ બનનારના પીતાએ તેની સગીર દીકરી ને કોઈ ભગાડી ફરીયાદ આઈપીસી ૩૬૩, ૩૬૬ઘ ૩૭૬(૩) પોકસો એકટની કલમ ૪,૧૮ મુજબ નોંધાયેલ આ ગુનાના કામે ચલાલા પોલીસ દ્વારા સોમાભાઈ સવજીભાઈ ડામોર, રહે. ગોપાલગ્રામ વાળાની ધરપકડ કરેલી, સદરહું કેસ પોલીસ તપાસ બાદ ધારી સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ થતા (યુટીપી) ટ્રાયલ ચાલેલી જેમાં આરોપી તર્ફે વકીલ વનરાજભાઈ એ. વાળા તેમજ સિધ્ધાર્થભાઈ બી. ભગત એ દસ્તાવેજી પુરાવાઓ અને કાયદકીય છણાવટો પુર્વક ધારદાર દલીલો કરેલ જે દલીલોને ધ્યાને લઈ ધારીના થર્ડ એડી. સેશન્સ જજ એન.એમ. શેખ દ્વારા આરોપીને નિર્દોષ ઠરાવી ને છોડી મુકવાનો હુકમ કરેલ હતો.

## બાબરા : રઘુવંશી પરિવારમાં ગણેશ ઉત્સવ ઉજવવા થનગનાટ

અમરેલી, તા. ૬

લોહાણા જ્ઞાતિનું સગઠન મજબુર કરવા અને જ્ઞાતિ એકતા વધારવાના એક ભાગ રૂપે બાબરા લોહાણા મહાજન અને રઘુવીર સેના દ્વારા આયોજીત ગણેશ ઉત્સવ "રઘુવંશી કા રાજા"નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

તા. ૭/૯ થી તા. ૧૭/૯ સુધીના આ ૧૦ દિવસના ગણેશ ઉત્સવ દરમિયાન લોહાણા મહાજન રઘુવીર સેના બાબરા દ્વારા દરરોજ અનેક ધાર્મિક કાર્યક્રમો જેવા કે સત્યનારાયણ ભગવાનની કથા, બાળ કોની રમત લીંબુ ચમચી, સંગીત ખુરશી સ્પર્ધા, ડ્રોઈંગ સ્પર્ધા, રાસ ગરબા, અન્નકુટ, મહાઆરતી, જ્ઞાતિ ભોજન, હનુમાન ચાલીસના પાઠ, મોદક સ્પર્ધા જેવા અનેક કાર્યક્રમો ઉજવવાના છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા લોહાણા મહાજન અને રઘુવીર સેના બાબરાની સમગ્ર ટીમ જહેમત ઉઠાવી રહી છે.

## અમરેલી : કોમર્સ કોલેજ ખાતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી



અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજ – અમરેલી ખાતે ડો. રાધાકૃષ્ણન સર્વપલ્લીની જન્મ જયંતી નિમિત્તે સ્વયં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓ દ્વારા આ કોલેજના પ્રોફેસર, પ્રિન્સિપાલ, વાઈસ પ્રિન્સિપાલ તથા પ્યુનની ભૂમિકા ભજવી હતી. જે અંતર્ગત એફ.વાય. બી.કોમ.માં વંદના પરમાર, નિધિ ગોહિલ, યશવી સરવૈયા, સુનેરા વરૂકડા, મિત્તલ રાઠોડ, મન્ત શેલડીયા, સોનલ વઘાસિયા, દિવ્યા ચાટકીયા, ઉર્વશી દામાણી, હેમાંશી ભેસાણીયાએ વિવિધ વિષયો ભણાવ્યા, જયારે એફ. વાય. બી. બી. એ. માં કેવલ પંડ્યા, ધાર્મિક કથીરીયાએ સ્વયં શિક્ષક બનીને ઉજવણીમાં ભાગ લીધો હતો. એસ.વાય. બી.કોમ. માં દિવ્યરાજ ચેહાણ, હીતેન સોલંકી, તુલસી ઝાપડિયા, મિત્તલ રાઠોડ, પાયલ સોલંકી અને શિવાલી વાઘેલાએ વિવિધ વિષયો ભણાવ્યા, જયારે એસ. વાય. બી. બી. એ. માં નિધિ પરમાર, દિશા પરમાર, મીત અજુગીયા, આદર્શ શ્રીવાસ્તવ, જૈમીન ગોસ્વામી તથા તુલસી રાઠોડ પ્રોફેસર બન્યા હતા. ટી. વાય. બી.કોમ. માં ભરત કુડેચા, જલ્પા ગેલાણી, જાનવી ગોંડલીયા અને પાયલ વાળાએ પ્રોફેસરની ભૂમિકા નિભાવી હતી, જયારે ટી. વાય. બી. બી. એ. માં મહેક જોષી, ક્રિષ્ના નાથજી, હિતાંશી બોરડ, પરી મેતલીયાએ વિવિધ વિષયો ભણાવ્યા હતા. આજરોજ કોલેજના પ્રિન્સિપાલ તરીકે બી.કોમ. વિભાગ માંથી પ્રિયાંશી વાઘાણી અને વાઈસ પ્રિન્સિપાલ તરીકે રાહુલ સવાણીએ ભૂમિકા ભજવી હતી, જયારે બી.બી.એ. વિભાગમાંથી મહેક જોષી પ્રિન્સિપાલ તેમજ પરી મેતલીયા વાઈસ પ્રિન્સિપાલ બન્યા હતા. એફ.વાય. બી.બી.એ. માંથી જૈનેશ આસોદરીયાએ પ્યુનની ભૂમિકા ભજવી હતી.

શિક્ષકદિનની ઉજવણી માટે એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર પ્રા. જે. એમ. તળાવિયા તથા પ્રા. ડો. એ. બી. ગોરવાડીયા તેમજ એન.સી.સી. ઓફિસર પ્રા. વિલ્સન વસાવાએ જહેમત ઉઠાવી હતી. કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ પ્રા. ડો. એમ. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર ઉજવણી સફળતાપૂર્વક પૂર્ણ થઈ તેમ આઈ.ક્યુ.એ.સી. કો–ઓર્ડીનેટર પ્રા. ભારતીબેન ફીણવિયાએ જણાવ્યું હતું.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાંચની કામગીરી

## જાફરાબાદ : રોહિસા–ધારાબંદર જતાં માર્ગ ઉપરથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

**એક આરોપીની અટકાયત અન્ય બે ની શોધખોળ શરૂ**



અમરેલી, તા. ૬

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલ તથા એલ.સી.બી. ટીમ જાફરાબાદ તાલુકા વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગ દરમિયાન બાતમી હકીકત આધારે રેઈડ દરમિયાન રોહીસા ગામથી ધારબંદર ગામ તરફ જતા રોડ પાસે મોટર સાયકલોમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલોની હેરફેર કરતા ભરત ઉકાભાઈ શિયાળ, (રહે. ખત્રીવાડા, તા.ઉના), ને ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની મોટી કુલ બોટલો નંગ ૩૫૨ કિમત રૂપિયા ૫૫,૮૨૦ તથા એક મોટર સાયકલ નં. જી.જે.–૩૨ આર– ૭૭૮૩, કિંમત રૂપિયા ૩૦,૦૦૦ તથા બીજું મોટર સાયકલ નં. જી.જે.૩૨.એ.ઈ. ૬૬૯૫, કિમત રૂ.૩૦,૦૦૦ તથા એન્ડ્રોઈલ મોબાઈલ ફોન નંગ – ૧, કિમત રૂપિયા ૧૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧,૨૫, ૮૨૦નો મુદ્દામાલના સાથે પકડી પાડેલ તથા અન્ય બે ઈસમો શિવા બાબુભાઈ શિયાળ, તથા ધના બાબુભાઈ શિયાળ (રહે. બંને ખત્રીવાડા, તા. ઉના) નાશી ગયેલ હોય, આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## બગસરામાં આગામી શુક્રવારે વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ

બગસરા, તા. ૬

જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૧૩/૯/૨૪ને શુક્રવારના રોજ સ્વ. નિમિત મુકેશભાઈ સાદરાણીની પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિ નિમિત્તે મનસુખલાલ રતિલાલ સાદરાણી પરિવાર – બગસરાના સૌજન્યથી ૬૦૩ મો વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ રણછોડદાસજી બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામાં આવેલ છે. આ કેમ્પમાં મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામૂલ્યે ઓપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામાં આવશે.

ઓપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામાં આવશે.

કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા. ૧૩/૯/૨૪ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમાં જણાવેલ છે.

# ચલાલા : હરિબા મહિલા કોલેજ, ગાયત્રી સંસ્કાર વિદ્યાલય તથા સંસ્કૃત શકિત ગુરૂકુળમાં શિક્ષક દિનની ઉજવણી



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા ખાતે પુ. ડો. રતિદાદાના આશીર્વાદ સાથે હરિબા મહિલા કોલેજ, ગાયત્રી સંસ્કાર વિદ્યાલય તથા ગાયત્રી સંસ્કૃત શકિત ગુરૂકુળમાં ૫ મી સપ્ટેમ્બર ડો. સર્વોપલ્લી રાધાકૃષ્ણના જન્મદિન નિમિત્તે શિક્ષક દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજ, શાળા તથા ગુરૂકુળના વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં તેઓ ખુબ તૈયારી કરીને આવ્યા હતાં અને એક દિવસ માટે શિક્ષકની ભૂમિકા સુંદર રીતે નિભાવી હતી. સુંદર શિક્ષણ આપનારને નંબર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, આચાર્ય શીતલબેન મહેતા તથા સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

## ૬ સપ્ટેમ્બર, રાષ્ટ્રીય પુસ્તક વાંચન દિવસ વિશેષ

# અમરેલીમાં ૧૨૮ વર્ષથી સરકારી પુસ્તકાલય કાર્યરત

**વિવિધ વિષયોનાં ૪૦ હજારથી વધુ પુસ્તકોથી સમૃધ્ધ છે પુસ્તકાલય**

**ધર્મ, વિજ્ઞાન, સાહિત્ય, મહાપુરૂષોનાં જીવન ચરિત્રનાં પુસ્તકોનો ખજાનો**

**વાઈફાઈ, સીસીટીવી કેમેરા સહિતની અદ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવી**

**યુપીએસસી, જીપીએસસી સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાનાં ૧ હજારથી વધુ પુસ્તકો**



અમરેલી, તા.૬

ગાયકવાડી શાસનકાળ દરમિયાન વર્ષ ૧૮૮૬માં સ્થાપવામાં આવેલું પુસ્તકાલય આજે પણ અમરેલી શહેરના નાગરિકોની જ્ઞાનપિપાસાને સંતોષી રહ્યું છે, આ સરકારી જિલ્લા પુસ્તકાલય ધર્મ, વિજ્ઞાન, સાહિત્ય, મહાપુરૂષોના જીવનચરિત્ર, સ્પર્ધાત્મક પરીક્ષાસહિતના વિષયોના ૪૦ હજારથી વધુ પુસ્તકોથી સમૃદ્ધ છે.

૬ઠ્ઠી સપ્ટેમ્બર એટલે કે રાષ્ટ્રીય પુસ્તક વાંચન દિવસની શુભેચ્છાઓ પાઠવતા સરકારી જિલ્લા પુસ્તક લઈને ગ્રંથપાલ અલ્પેશ નકુમ જણાવે છે કે, ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૦માં રિડેવલ્પ થયેલું આ પુસ્તકાલય ફ્રી વાઈફાઈ, સીસીટીવી કેમેરા, વિદ્યાર્થી ભાઈઓ-બહેનો અને સિનિયર સિટીઝન માટે બેઠક વ્યવસ્થા, પીવાના ઠંડા પાણી સહિતની અદ્યતન સુવિધાઓથી સજજ છે. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં કુલ ૪૦ હજારથી વધુ પુસ્તકોથી સમૃદ્ધ આ લાઈબ્રેરીમાં ૬૦થી વધુ સામયિકો અને ૧૫થી વધુ દૈનિક અખબારો નાગરિકોને વાંચવા મળે છે. આ પુસ્તકાલયમાં ૬,૩૯૧ જેટલા સભ્યો નોંધાયેલા છે.

બાળકો માટે બાળ સાહિત્ય અને અમરેલી જિલ્લાના સપૂત એવા ઝવેરચંદ મેઘાણી દ્વારા રચિત સાહિત્યના પુસ્તકો માટે એક અલગથી ઝવેરચંદ મેઘાણી કોર્નર પણ રાખવામાં આવ્યું છે. તેમણે કહ્યુ કે, દર વર્ષે નવીન પુસ્તકો ખરીદવા માટે રાજય સરકાર દ્વારા અનુદાન આપવામાં આવે છે. વાચકો માટે પણ જરૂરી સુવિધાઓ વધારવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, આ પુસ્તકાલયમાં વાંચન કરતા વિદ્યાર્થીઓ વર્ગ ૧-૨ સહિતની સરકારી સેવામાં જોડાયા છે. અહીં યુપીએસસી-જીપીએસસી સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરવા માટે આશરે ૧,૦૦૦થી વધુ પુસ્તકો ઉપલબ્ધ છે, જેનો વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ લાભ મેળવી રહ્યા છે.

છેલ્લા દશેક વર્ષથી સરકારી જિલ્લા પુસ્તકાલયમાં સભ્ય છે, એવા પ્રશાંતભાઈ શેલડીયા કહે છે કે, લગભગ નિઃશુલ્ક કહી શકાય તેવી નહિવત ફી ચૂકવવાની છે પરંતુ જે પુસ્તકો અને તેને વાંચવાની તક મળી રહે છે તે અમૂલ્ય છે. વાચકોને આ પુસ્તકાલયમાંથી તેમની પસંદગીના લગભગ દરેક વિષયના પુસ્તકો મળી રહે છે.

સુનિતાબેન ગેગડીયા જણાવે છે કે, વાઈફાઈ સહિતની અદ્યતન સુવિધાઓથી સભર આ લાઈબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટેના જરૂરી પુસ્તકો પણ મળી રહે છે. પુસ્તકાલયમાં સુવિધાઓ છે તે વાંચન કરતા વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ છે.

### પતિ-પત્ની અને ૨ બાળકોને ગંભીર ઈજા

## બાબરાનાં ઉંટવડ નજીક ડમ્પર નીચે આવી જતાં બાઈકમાં સવાર ૪ વ્યકિત ઈજાગ્રસ્ત

### સ્થાનિક પોલીસે ડમ્પર ચાલકની શોધખોળ આદરી

અમરેલી, તા. ૬

મુળ ગારીયાધાર તાલુકાના નવાગામના વતની અને હાલ રાજકોટ રહેતા રહેતા દિનેશભાઈ ઉર્ફે પત્યો ગણેશભાઈ વાઘેલા નામનાં યુવક ગત તા. ૧ના રાજકોટ ખાતેથી પોતાનું મોટર સાયકલ નં. જી.જે.-૦૬ સીએલ-૫૮૭૩ વાળુ લઈ પોતાની પત્નિ તથા બંને બાળકો સાથે પોતાના નવાગામ (તા. ગારીયાધાર) ખાતે સુરાપુરા દાદાને ખીર ચડાવવા માટે જતા હતા. દરમ્યાન બાબરા તાલુકાના ઉંટવડ ગામે કપચીના ભડીયા પાસે પહોંચતા પોતાના મોટર સાયકલની પાછળથી એક અજાણ્યા પીળા કલરના ડમ્પરે સાઈડ કાપીને ઓચીંતા સાઈડ આપ્યા વગર જમણી બાજુ રોડની સામેની સાઈડમાંજવા માટે ડમ્પર વાળી લેતાં યુવકની મોટર સાયકલને તેના ડમ્પરના પાછળના ટાયરના જોટામાં ભટકાવીને મોટર સાયકલ ઉપરથી પડી જતાં યુવકના નાના દિકરા આકાશના જમણા પગ ઉપરથી ડમ્પરના પાછળના ટાયર ચડાવી દેતા ગંભીર ઈજા થયેલ હોય અને પગ કપાવવો પડેલ હોય તથા યુવકના જમણા પગમાં ગોઠણ તથા પીંડીના ભાગે તથા ઘુંટી તથા પોંચામાં ઉંડુ છોલાણ તથા ગંભીર ઈજા થવાથી પ્લાસ્ટિક સર્જરી કરાવેલ હોય તેમજ યુવકના પત્નિ કાળીબેનને કમરના ગોળામાં ફેકચર તથા શરીરના જમણી બાજુના ભાગે નાની-મોટી ઈજા કરી તથા યુવકના બીજા દિકરા આર્યનને હોઠ ઉપર ઈજા કરી ડમ્પર ચાલક નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

બાબરામાં મકાન વેચવાનું છે
બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે ૮૦ વાર જગ્યામાં (ડુપ્લેકસ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ
રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં - બાબરા
સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦

હોન્ડા સાથે તહેવારોનો ઉત્સવ
HONDA
માત્ર ₹૯૯૯/- ભરીને લઇ જાઓ આપનું મનપસંદ Shine 100
80+ AVERAGE
દમદાર માઈલેજ | શાનદાર સ્ટાઈલ
મજેદાર કમ્ફર્ટ । વ્યાજબી ભાવ
ફ્રી હેલ્મેટ
₹64900
ઓછો વ્યાજદર 9.50%
મહત્તમ લોન 95%
Shine 100
ઓથો.ડિલર પરીખ હોન્ડા

ગણેશ મહોત્સવ નિમિત્તે...
ડ્રાયફ્રુટથી ભરપુર શુધ્ધ ઘી માં બનેલ ચુરમાના સ્પે.લાડુ
મગજના લાડુ
મગીયા લાડુ
શહેરનું એકમાત્ર સ્થળ...
શિવ
શિવ ફરસાણ માર્ટ ભીડભંજન ચોક અમરેલી
મો. ૯૪૨૬૪ ૪૨૯૯૨


Hero
Go BIG Go XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero

Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

॥ વંદે માતરમ્ ॥
YAMAHA જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA
Make an Impression
fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૯૨૦૦૪ / ૭૦૪૮૭ ૯૨૦૦૪

# કબુ, કબુ, આજા, આજા !

**લેખક પરિચય**
**નામ : હસમુખ બોરાણિયા**
**જન્મતારીખ : ૧૮.૦૫.૧૯૫૯**
**વતન: બાબાપુર, હાલ: અમરેલી.**
**વ્યવસાય: નિવૃત્ત પ્રિન્સિપાલ, (પ્રાથમિક શાળા)**



## કબુકબુ, આજા, આજા!
હસમુખ બોરાણિયા



નાનકડી રીષિકા અને ત્રિશા. બંને દાદીમા પાસેથી દરરોજ વાર્તા સાંભળે. એક દિવસ રીધિકાએ કહ્યુ, " હું વાર્તા કહુ ?" દાદીમાં નવાઈ પામતા કહે, "હા." રીધિકાએ કહેલી બાળવાર્તા માણીએ :

અમારે ઘરે ઘણા બધા પંખીંડા આવે છે. એમા મને કબૂતર બહુ ગમે. નાની હતી ને ત્યારે કબૂતરને રમવા બોલાવતી. શું કહેતી ખબર છે? "કબુ, કબુ, આજા !" કબૂતર ચણે, કૂંડામાંથી પાણી પીએ. મારીઆસપાસ રમે. કબૂતરને મારી બીક નહોતી લાગતી હો ! હું બોલાવુ ને એટલે આવી જ જાય. પછી ચણે, રમે ને ઉડી જાય !

એક દિવસ શું થયુ ખબર છે ? સવારમાં મેં કબૂતરને બોલાવ્યુ, "કબુ, કબુ, આજા, આજા!" પણ કબૂતર ના આવ્યું. બીજી વખત બોલાવ્યુ, " કબુ, કબુ, આજા, આજા !" પણ કબૂતર ના આવ્યુ. મને ચિંતા થવા લાગી. શિયાળો છે તો ઠંડી લાગી ગઈ હશે ? બીમાર પડી ગયુ હશે ? કેમ નહી આવ્યુ હોય ?

થોડી વાર પછી આવ્યુ, આવીને મારી પાસે બેસીી ગયુ. મેં જોયુ તો તેને ચાલવામાં તકલીફ પડતી હતી. કબૂતરમાં પગમાં દોરો વીંટળાઈ ગયો હતો. હમણા જ ઉત્તરાયણમાં બંધાએ પતંગ ઉડાડી હતી ને ? તેના દોરા ગમે ત્યાં પડયા હોય. એવો એક દોરો કબૂતરના પગમાં વીંટળાઈ ગયો હતો. મારા બાએ ધીમેથી ધીમેથી દોરો કાઢી નાખ્યો. કબૂતરને દોરાથી પગમાં ઈજા થઈ હતી. અમે દવા લગાવી આપી. કબૂતરને થોડુ સારુ લાગ્યુ બાએ ચણ નાખી હતી ત્યાં ચણવા ગયુ.

પાણી પીધુ પછી મારી પાસે આવીને રમવા માંડયુ. દોરો નીકળી પાણી ગયો હતો ને ? એટલે હરખાયુ. પછી ઉડી ગયુ.

આવુ થયુ બોલો !

દાદીમાએ ધીમેથી પૂછયુ, "હવે તુ કબૂતરને રમવા નથી. બોલાવતી ?" તો રીષિકા બોલી, "પણ હું મોટી થઈ

# તાળા વિશે કોને કોને આ વાત ખબર હતી ?



તાળું એક યાંત્રિક ઉપકરણ છે, જેને ઘરના દરવાજા, વાહનો, મોટા વાસણોના ઢાંકણો વગેરેમાં લગાવવામાં આવે છે. જેથી કોઈ અન્ય વ્યકિત એની અંદર પ્રવેશી ન શકે અથવા અંદરની વસ્તુઓને લઈ ન શકે કે એનો ઉપયોગ ન કરી શકે. તાળું ચાવી યોગ્ય ક્રમના સંયોજન (કોમ્બીનેશ)ની સહાયાત વડે ખોલી શકાય છે.

૫ લીવરનું તાળું
સાયકલનું તાળું
કેમ તાળું (Cam Lock)
ક્રમત તાળું (Combination Lock)
નાયળાવાળું તાળું
ડેડ બોલ્ટ તાળું(dead Lock)
ઈલેકટ્રોનિક તાળું
ચુમ્બકીય તાળું (Magnetic Lock)
કીકાર્ડ તાળું(Keycard Lock)
લીવર ટમ્બલર તાળું (Lever Tumblerlock)
ચબશોધક તાળું (Chubb detector Lock)
રક્ષક તાળું (Pretector Lock)
ચુંબકીય ચાવીવાળું તાળું (Magnetic keyed Lock)
પેડતાળું (Pad Lock)
પીના ટમ્બલર તાળું (Pin tumbler Lock)
રીમ તાળું (Rim Lock)
નળાકાર ટમ્બલર તાળું (Tubular pin tumbler Lock)
સમય તાળું (Time Lock)
ટર્નર તાળું (turner Lock)
વેફર ટમ્બલર તાળું (Wafer tumbler Lock)
વોડેડ તાળું (Warded Lock)

**બાળ મિત્રો,**

મેથ્સ મેજીક - ૧ નો ઉકેલ

| | | |
|---|---|---|
| ૧૮ | ૧૧ | ૧૬ |
| ૧૩ | ૧૫ | ૧૭ |
| ૧૪ | ૧૯ | ૧૨ |

આ પ્રકારામ ચોરસને જાદુઈ ચોરસ કહે છે. (મેજીક ચોરસ) અને તેમાં જે સરવાળો મળે તેને મેજીક સમ કહે છે. આ પ્રકારે ૪×૪, ૫×૫, ૬×૬ ના પણ જાદુઈ ચોરસ બનાવી શકાય. અહિં ૪×૪નો એક જાદુઈ ચોરસ આવેલ છે.

# Maths Magic (2)

આ ચોરસમાં ૫ થી ૨૦ સુધીની ૧૬ ક્રમિક સંખ્યાઓ ગોઠવેલી છે કે જેથી જાદુઈ સરવાળો ૫૦ મળે.

| | | | |
|---|---|---|---|
| ૨૦ | ૬ | ૭ | ૧૭ |
| ૯ | ૧૫ | ૧૪ | ૧૨ |
| ૧૩ | ૧૧ | ૧૦ | ૧૬ |
| ૮ | ૧૮ | ૧૯ | ૫ |

દા.ત. ૨૦+૬ +૭ +૧૭ - ૯+૧૫+૧૪+૧૨-૫૦ બાકીની આડી, ઉભી અને ત્રાસી હારનો સરવાળો ૫૦ થાય છે. તે ચકાસો ચકાસો.

હવે તમારે ૪×૪ના ચોરસમાં ૧ થી ૧૬ સુધીની ક્રમિક સંખ્યાઓ ગોઠવી બતાવવાની છે કે જેથી આ જાદુઈ સરવાળો (મેજીક સમ) (ઉકેલ આવતા શનિવારે)


અહિં તમે ખૂણા ઉપરની ચાર સંખ્યા તથા વચ્ચેની ચાર સંખ્યા સરવાળો કરો તો પણ સરવાળો ૫૦ જ મળશે.

આર.કે.માલનિયા
(૯૭૨૭૭૯૬૮૩૪)

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી
# જ્ઞાન ઝરણા



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. મનુષ્યનો સાચો મિત્ર ધર્મ છે. સર્વ સુખનું સાધન ધન નથી, ધર્મ છે.
૨. સત્ય એ ઈશ્વરનું સ્વરૂપ છે. અસત્ય જેવુ પાપ નથી
૩. સર્વનુ કલ્યાણ થાય એવુ વિવેકથી બોલવુ તે સત્ય છે, એવુ બોલો
૪. રોજ વિચારે કે આજે મારા પ્રભનું ગમે એવુ પવિત્ર કાર્ય કર્યુ કે નહી ?
૫. દયા બહુ વિવેકથી કરો. કેટલીક દયા ઈશ્વર ભજનમાં વિક્ષેપ કરે છે.
૬. પવિત્રતા રાખવી એ સર્વનો ધર્મ છે. મન મર્યા પછી પણ આપણી સાથે આવવાનું છે.
૭. વ્યવહારમાં આત્મા એટલો મળી જાય છે કે મન પાપ કરે છે. તેની તેને ખબર પણ પડતી નથી.
૮. વાણીને, વર્તનને અને વિચારને શુદ્ધ રાખો એ તપશ્વર્યા છે.
૯. શત્રુ પ્રત્યે પણ સદભાવ રાખજો. તો ભગવાન તમારા પક્ષમાં આવશે અને તમારા શત્રુને સજા કરશે.
૧૦. અપમાનનું દુઃખ મનુષ્યને ત્યારે લાગે જયારે એ અભિમાનમાં હોય છે.

# જ્ઞાનમંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

૧. પ્રાચીન ભાષામાં તોશાલી એટલે શું ?- જેલમ અને ચિનાબ વચ્ચેનો પ્રદેશ.
૨. સત્યાર્થ પ્રકાશ પુસ્તકના લેખક કોણ છે ? - દયાનંદ સરસ્વતી
૩. ૧૭૪૦ માં બંગાળનો નવાબ કોણ બન્યો ?-અલીવર્દીખાં
૪. ચીનમાંથી કયો મુસાફર સૌપ્રથમ વાર ભારતમાં આવેલ ?- ફાહિયાન
૫. શકસંવત કઈ ઈસવીસનથી શરૂ થઈ ?- ૭૮
૬. શીખ ધર્મના સ્થાપક કોણ હતા ?- ગુરુ નાનક
૭. પાણીપતના પ્રથમ યુદ્ધમાં કોનો વિજય થયો ?-બાબર
૮. હોલેન્ડના ડચ લોકો ભારતમાં કયા નામે ઓળખાતા ?- ફિરંગીઓ
૯. ભારતમાં ફ્રેન્ચ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પોતાનું વેપારી મથક કયા વર્ષ સ્થાપ્યું ?-૧૬૦૬
૧૦. ભારતમાં પારસી લોકોનું સર્વોચ્ચ ધર્મસ્થાન કયા આવેલ છે ?- ઉદવાડા

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર

## સીધી પૂંછ કી ટેઢી બાત !

એક વખત એકાએક એક સદઘટના ઘટી ! દુર્ઘટનાઓના આ દેશમાં આ 'સમાચાર' ના બને ? વાત એમ બની કે, એક કૂતરાની પૂંછઠી - ઘટના થાતા તો થઈ ગઈ, ને વાએ વાત ફેલાઈ... સમસ્ત કૂતરા સમાજે એ કૂતરાને જ્ઞાતિમાંથી હાંકી કાઢયો...

સીમનો.. દુઃખી દુઃખી -સાવ સીધી રીતે જીવવા માગતા માણસોને પણ સમાજ સુખેથી કયાં જીવવા દે છે ?- પૂછો ગાંધી, સોક્રેટિસ, નરસિંહ, મીરા,

## પ્રયોગ - ૧૦
# દ્રાવ્ય અને અદ્રાવ્ય પદાર્થો

**હેતુ:** કયા પદાર્થો પાણીમાં ઓગળ છે અને કયા પદાર્થો પાણીમાં ઓગળતા નથી તે ચકાસવું.
**સાધન:** પારદર્શક કાચના છ પ્યાલા.
**પદાર્થ:** દૂધ, મીઠું, ખાંડ, રેતી, ફટકડી, તેલ, પાણી

પાણી લો.
- લીધેલા જુદા-જુદા પદાર્થો જુદા-જુદા પ્યાલાઓમાં પ્રમાણસર નાખો.
- ચમચી વડે દરેક પ્યાલાનો પદાર્થ

## પ્રયોગની પાંખે
વિજ્ઞાન નગરી
પ્રકાશક: શ્રી બળવત પારેખ



**અવલોકન કોષ્ટક :**

| પદાર્થનું નામ | પાણીમાં ઓગાળે છે(દ્રાવ્ય) | પાણીમાં ઓળગતો નથી(અદ્રાવ્ય) |
|---|---|---|
| દૂધ | | |
| મીઠું | | |
| ખાંડ | | |
| રેતી | | |
| ફટકડી | | |
| તેલ | | |

**તારણ:**
- દૂધ, મીઠું, ખાંડ, ફટકડી પાણીમાં ઓગળે છે. અર્થાત પાણીમાં દ્રાવ્ય છે.
- રેતી, તેલ, પાણીમાં ઓગળતા નથી અર્થાત પાણીમાં અદ્રાવ્ય છે.

**બાર્બીડોલ**

ઈ.સ. ૧૯૫૯માં લૂથ હેન્ડલરે બાર્બીડોલની શોધ કરી. તેની દીકરીનું નામ બાર્બરા હતુ. ન્યુર્યોક ખાતે એક અમેરિકન રમકડાના મેળામાં બાર્બીને સૌ પ્રથમ દુનિયાની સામે દર્શાવવામાં આવી. આ ઢીંગલી ૧૧-૧૨ વર્ષની છોકરીઓ માટે શોધવામાં આવી. ૧૯૬૫માં હલન-ચલન કરી શકે તેવા પગ સાથે સૌ પ્રથમ બાર્બીને રજૂ કરવામાં આવી.

# હસ્તરેખા એવી દોરી આપો, પ્રભુ...!

**- સુરેશ દલાલ**




આ દુનિયા એ તારી બજાર છે. તારી ભરબજારમાં હું ઉભો છું. તને હું વેચાઈ ગયો છું, વણમૂલે. નહી કોઈ ભાવ-તાલ, નહી કોઈ નફો-નુકશાન. આ એક અરસપરસની ખુશીનો, પ્રેમનો સોદો છે. તું કોની પાસેથી શું શું લઈ લે છે. એની મને તો કંઈ ખબર નથી પડતી-પણ તું કોને શું શું આપે છે. એની થોડીઘણી ખબર પડે છે. તું કોઈને ધન આપે છે. અઢળક સગવડ અને સાધન આપે છે, કોઈકને માન અને મોભો, કોઈકને રિદ્ધિસિદ્ધિ, સમૃદ્ધિ, પ્રસિદ્ધિ, સુખ-આમ તું આપ્યે જ જાય છે.

સંતોષ અને શાંતિ તો કોઈક પાસે જ હશે. તું આપ્યા જ કરે છે. મારે તારી પાસેથી તારા પ્રેમ સિવાય કશું જ નથી. આપણી વચ્ચે કોઈ લેવડદેવડનો વહેવાર નથી. ઘણીય વાર ભરેલો હાથ ખાલી લાગ્યાકરે છે, તો તુ કમમાં કમ મારા ખાલી હાથમાં હસ્તરેખા એવી દોરી આપ કે સવારે જાગુ ત્યારે બંને હથેળીમાં તારો ચહેરો દેખાય.

# સૌનું આરોગ્ય

### (૨૪) ખરજવું

**કારણ :**સ્વચ્છતાનો અભાવ,દૂષિત આહારના લીધે લીલી-સૂકા ખરજવા થાયે. લીલા ખરજવાના કફનો પ્રકોપ વધુ જોવા મળે છે.

**૧.** ગાજર અને મીઠું માખણ જેવા એકરસ વાટી, ખરજવા ઉપર લગાડી પાટો બાંધવો. દર ચોવીસ કલાકે પાટો બદલવો. આથી પંદર-પંદર વર્ષ જૂના ખરજવા મટયા છે.

**૨.** ખરજવા ઉપર એક સાફ પાટો બાંધી, તેના ઉપર પાણી કે ધૂળ ન લાગે તે ખ્યાલ રાખવો. આ પાટો આઠથી દસ દિવસે છોડવો. આવા ત્રણથી ચાર કોરા પાટા બાંધવાથી પણ અનેક દર્દીઓને ખરજવા મટયા છે.

**૩.** સો ગ્રામ ડામર લઈ, તેમા પચાસ ગ્રામ સાચો સિંદૂર મેળવી, જે મલમ તૈયાર થાય તે ખરજવા પર લગાવી તેના ઉપર પાટો બાંધવો. આ પાટો છથી સાત દિવસ ખોલવો. આવા માત્ર ત્રણથી ચાર પાટા બાંધવાથી ખરજવુ પડે છે.

**૪.** એરંડિયામાં જરૂર મુજબ ઘઉંનો લોટ શેકીને તેમાં પાણી નાખી શીરો બનાવવો તથા ખરજવાવાળી જગ્યા ઉપર આ શીરો લગાડી તેના ઉપર એરંડાનુ પાન અથવા પ્લાસ્ટિકનો કાગળ મૂકીને મોટો પાટો બાંધવો અને તેના ઉપર દોરો વીંટી દેવો, જેથી હવા ન જાય. ચોવીસ કલાકે પાટો બદલીને ખરજવુ કપડાથી લૂછીને નવો શીરો લગાડવો. આ રીતે થોડા દિવસ પ્રયોગ ચાલુ રાખવાથી ખરજવુ આળુ થઈ જશે અનેબધો સડો નીકળી જશે.પછીઆ જ રીતે થોડા દિવસ પ્રયોગ શરૂ રાખવાથી રૂઝ આવીને ખરજવુ મટી જશે. આ સાદા અને સસ્તા પ્રયોગથી દવા કરાવી-કરાવીને થાકી ગયેલા હજારો દર્દીઓનના ખરજવા મટયા છે.

### (૨૫) ખીલ

**કારણ** :ખીલ એ યુવાન-યુવતીઓને થનારુ મેદનું દર્દ છે. કબજિયાતના કારણે પણ ખીલ થાય છે.

૧. મસૂરની દાળ અને શીમળાની છાલનું સમાન વજને એકદમ બારીક ચૂર્ણ બનાવી, જરૂર પૂરતા પાણી સાથે ઘૂંટી ખીલ પર લગાવવાથી ખીલ મટી જાય છે.

૨. મસૂરની દાળનો લોટ પચાસ ગ્રામ લઈ તેમાં પાંચ ગ્રામ દળેલી હળદર મેળવી આ પાવડરને લીંબુના રસ સાથે મેળવીને ખીલ પર લગાવવાથી ખીલ મટે છે.

૩. સરસવ, વજ, લોદર અને લીંડીપીપર વીસ-વીસ ગ્રામ તથા

## સૌનું આરોગ્ય
:: લેખક ::
વૈદ્ય પ્રદિપ આસ્તિક
૮૦ દર્દી પરના સરળ તેમજ સચોટ ૨૯૦ પ્રયોગોનો સંગ્રહ



સિંધવ દસ ગ્રામ લઈ બારીક ચૂર્ણ કરી લો. પછી આ દવાને. ટંકણખારના પાણીમાં મેળવી રોજ ખીલ પર લગાવો. આથી ખીલ મટી જશે અને ચહેરો ખીલી ઉઠશે.

૪. ત્રિફળાચૂર્ણ દસ ગ્રામ લઈ તેને એક કાચના ગ્લાસમાં નાખી તેમાં સો ગ્રામ પાણી નાખી બાર કલાક રાખી મૂકો. પલાળેલા દવા સવારે કપડાથી ગાળી તેમાં બે ચમચી ચોખ્ખુ મધ મેળવી, નિયમિત પીવાથી ખીલ અચૂક મટે છે.

### (૨૬) ખીલી

**કારણ:**ખુજલી એ રોગ નથી પણ અનેક રોગમાં જણાતુ એક લક્ષણ છે. જેથી ખુજલી થવાના અનેક કારણો છે પરંતુ રકત દૂષિત થવાથી મોટા ભાગે ખુજલી આવે છે.

કારણ : પિત્ત અને વાયુ દુષિત થવાથી હાથની આંગળીઓ પર કઠણ ફોડકી થાય છે જે ખીલી તરીકે ઓળખાય છે. ફોડકી પ દુઃખાવો અને બળતરા થાય છે જે ખીલી તરીકે ઓળખાય છે. ફોડકી પર દુઃખાવો અને બળતરા થાય છે.

૧. હાથની આંગળીઓ પર કેટલીક વખત ખીલી (કઠણ ફોડકી) નીકળે છે. આ ખીલીના દર્દથી અસહ્ય બળતરા અને દુઃખાવો થતા રાત્રે ઉંઘ પણ આવતી નથી. આ ખીલીના દર્દ ઉપ દહી અને ભાતની પોટિશ બાંધવાથી ખીલીનું દર્દ મટે છે.

### (૨૭) ખુજલી

**કારણ :**ખુજલી એ રોગ નથી પણ અનેક રોગમાં જણાતુ એક લક્ષણ છે. ખુજલી થવાના અનેક કારણો છે, પરંતુ રકત દુષીત થવાથી તેમજ કફ પ્રકોપના લીધે આખાયે શરીરે ખુજલી આવે છે.


૧. એક-એક ચમચી હળદર ગૌમૂત્ર સાથે, સવાર-સાંજ પીવાથી ખુજલી મટે છે.

૨. લીંબડાના પંચાગ (મૂળ -છાલ-પાન-ફળ-ફૂલ)નું ચૂર્ણ સવાર-સાંજ અર્ધી-અર્ધી ચમચી પાણી સાથે લેવાથી અને લીંબડાના પાન પાણીમાં નાખી ગરમ કરેલ પાણીથી નાહવાથી ખુજલી મટે છે.

૩. ધમાસાને કપડામાં બાંધી, તે પોટલી પાણીમાં ઉકાળી કાઢી લેવી, કારણ કે સુકાયેલી પોટલીનો ફરી ઉપયોગ કરી શકાય છે. આ ઉકાળેલા પાણીમાં ઠંડુ પાણી ઉમેરી નાહવાથી શરીરના ગમે તે ભાગમાં કે આખા શરીરે આવતી ખુજલી, લૂખસ વિ. મટે છે.

૪. હીમેજ તોલો એક, ગરમાળાનો ગોળ તોલો એક, ગુલાબના ફૂલ તોલો એક, સોનામુખી અડધો તોલો અને કડુ અડધો તોલો લઈ, આ બધા ઔષધોને એકસાથે આખાંપાકા ખાંડી નાખવા પછી આ ઔષધોનો વિધિવત કવાથ બનાવી રોજ સવારે પીવાથી ખુજલી મટે છે.


# આ મારું ચિત્ર છે




રાઠોડ નિરાલી
(ધોરણ-૬/બી, રૂપાયતન પ્રા.શાળા)



જાદવ અલસેફ ઈનાયતભાઈ
( ધોરણ - ૧ )



દાફડા જાન્વી જે.
ધો.૭(એ) રૂપાયતન અમરેલી



જાદવ અલ્સેફ
(ધો.૨-વર્ગ (અ), રૂપાયતન પ્રા.શાળા

# મોટા ભંડારીયા અને બાબાપુર ખાતે વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરતા કૌશિક વેકરિયા










રાજય સરકાર દ્વારા વિકાસકાર્યોની હારમાળામાં અમરેલી જિલ્લો પણ પ્રગતિપથ પર છે. અમરેલી–કુંકાવાવ–વડિયા મતવિસ્તારના ધારાસભ્ય અને વિધાનસભા નાયબ મુખ્યદંડક કૌશિકભાઈ વેકરિયાએ અમરેલી તાલુકાના મોટા ભંડારીયા અને બાબાપુર મુકામે હસ્તે વોટરશેડ અને આરોગ્યના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યુ હતુ. મોટા ભંડારીયા ખાતે ચેકડેમ પહોળો કરવાના, તળાવ સહિતના રૂા. ૨૧.૯૪ લાખના પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળના ૦૭ કામોનું ખાતમુહૂર્ત થયું હતું. જળ સિંચનના આ કાર્યો સંપન્ન થવાથી આસપાસના વિસ્તારોના પાણીના તળ ઉંચા આવશે અને કૃષિકારો તેમજ સ્થાનિકોને સિંચાઈના પાણીનો લાભ મળશે. અમરેલી તાલુકાના બાબાપુર મુકામે અંદાજે રૂ. ૨૫ લાખના ખર્ચે તૈયાર થનારા આરોગ્ય સબ સેન્ટરનું ખાતમુહૂર્ત થયું હતું. નાગરિકોને આરોગ્યની સેવાઓ ઘરઆંગણે મળી રહેશે. નાયબ મુખ્ય દંડકશ્રીએ વિકાસ કામોમાં ગુણવત્તા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા માટે સંબંધિતોને સૂચન કર્યુ હતું. રાજય સરકાર દ્વારા છેવાડાના માનવી સુધી વિવિધ યોજનાઓના માધ્યમથી વિકાસ કરવામાં આવી રહ્યો છે ત્યારે આ કામો સંપન્ન થવાથી સુખાકારીમાં વધારો થશે. આ કાર્યક્રમમાં નાના ભંડારીયા તેમજ બાબાપુર મુકામે જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિના ચેરમેન, સરપંચ, પદાધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં ગુજકોમાસોલ પાછળ

કાજલબેન અજયભાઈ રાધનપરા, રેખાબેન દિનેશભાઈ કલાડીયા, સોનલબેન હરેશભાઈ પ્રતાપભાઈ ગાંગડીયા સહિતના દશેય પુરૂષ/સ્ત્રી ઈસમો તા. ૫ ના રાત્રીના સમયે અમરેલીના સાવરકુંડલા રોડ ગુજકોમીલની પાછળ યોગેશભાઈ સુરેલાના રહેણાંક મકાન પાસે જાહેરમાં સ્ટ્રીટલાઈટના અંજવાળે તીનપત્તીનો જુગાર રમતાં હોય. પોલીસને બાતમી મળતાં દરોડો પાડી રોકડા રૂપિયા ૧૭,૨૭૦નાં મુદ્દામાલ સાથે પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૫ | ૧૬૭૫ |
| ૨ | મગ | ૧૪૫૫ | ૧૫૧૫ |
| ૩ | જીરૂ | ૪૦૬૫ | ૪૬૨૫ |
| ૪ | ઘઉં | ૪૭૦ | ૬૦૦ |
| ૫ | ચણા | ૧૩૬૦ | ૧૪૭૦ |
| ૬ | બાજરો | ૪૦૯ | ૪૯૧ |
| ૭ | તલ કાળા | ૨૭૧૦ | ૩૪૫૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૪૨ | ૧૧૬૩ |
| ૨ | શિંગ મોટી | ૧૦૫૧ | ૧૨૪૬ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૫૫૫ |
| ૪ | તલ સફેદ | ૧૮૭૦ | ૨૭૯૫ |
| ૫ | તલ કાળા | ૨૬૫૦ | ૩૪૧૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૮૦૦ | ૩૨૭૦ |
| ૭ | બાજરો | ૪૧૫ | ૫૧૫ |
| ૮ | જુવાર | ૬૧૫ | ૮૨૬ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૬૨ | ૬૩૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૨૦ | ૫૯૧ |
| ૧૧ | મગ | ૧૩૩૫ | ૧૬૦૦ |
| ૧૨ | ચણા | ૧૧૫૦ | ૧૪૮૨ |
| ૧૩ | કપાસ | ૯૬૬ | ૧૬૭૨ |
| ૧૪ | એરંડા | ૯૯૦ | ૧૧૫૬ |
| ૧૫ | જીરૂ | ૪૦૯૦ | ૪૭૦૦ |
| ૧૬ | ધાણા | ૭૬૦ | ૧૨૦૦ |
| ૧૭ | સોયાબીન | ૭૭૦ | ૮૬૪ |
| ૧૮ | રજકાનું બી | ૩૭૨૫ | ૫૨૩૦ |

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં સ્વયં શિક્ષણ દિન ઉજવાયો



અમરેલી, તા. ૬

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનાં જન્મદિને આપણે ત્યાં શિક્ષણ દિન તરીકે ઉજવાય છે. સમાજમાં શિક્ષકોનું સાત્વિક અને નિષ્ઠાવાન પ્રદાન છે. તેમજ વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શકિતઓના અભિવાદન માટે અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે ૫ સપ્ટેમ્બરનાં દિવસે સ્વયં શિક્ષણ દિનનો કાર્યક્રમ યોજાઈ ગયો.

આ કાર્યક્રમમાં ધો. ૬ થી ૧૨નાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શિક્ષક બની આજના દિવસનું શૈક્ષણિક કાર્યનું સુંદર સંચાલન કર્યુ હતું. માધ્યમિક વિભાગમાં રાઠોડ અમન (ધોરણ – ૧૨) અને પ્રાથમિક વિભાગના આચાર્ય વિરાણી મિત (ધોરણ – ૮) આચાર્ય સુંદર કામગીરી કરી હતી.

કાર્યક્રમના સમાપન પ્રસંગે સંસ્થાના સંચાલક દંપતિ દીપકભાઈ વઘાસિયા અને વિલાસબેન વઘાસિયાએ હાજરી આપી પ્રેરક પ્રવચનો કર્યા હતાં. સૌને અભિનંદન આપ્યા હતાં. શાળા પરિવારે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૧૫૦ |
| ૨ | શીંગ નવી | ૭૦૦ | ૧૦૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૪૨ |
| ૪ | જીરૂ | ૪૦૦૦ | ૪૫૧૦ |
| ૫ | કપાસ | ૧૧૪૫ | ૧૬૫૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૦ | ૬૦૬ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૮ |
| ૮ | બાજરો | ૪૫૦ | ૪૮૦ |
| ૯ | જુવાર | ૫૦૭ | ૮૧૦ |
| ૧૦ | મકાઈ | ૫૦૦ | – |
| ૧૧ | અજમા | ૧૨૦૦ | – |
| ૧૨ | ચણા | ૧૩૦૦ | ૧૪૫૩ |
| ૧૩ | તુવેર | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૧૪ | એરંડી | ૮૦૦ | ૧૧૪૩ |
| ૧૫ | મેથી | ૯૪૦ | – |
| ૧૬ | સોયાબીન | ૮૧૧ | – |

# કાંકચ ગામે પોષણ માસની ઉજવણી કરાઈ



લીલીયા, તા. ૬

લીલીયા ઘટકમાં કાંકચ સેજામાં, પોષણ માસની ઉજવણી કરવામાં આવેલ, જેમાં વિવિધ ખાદ્ય જૂથોની આવશ્યકતાનું વર્ણન કરતી વખતે પૌષ્ટિક પુરક ખોરાકની વાનગીઓનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું, તેમાં મુખ્ય સેવિકા – ડિમ્પલબેન ઓઝા, N.N.M – તુલસીભાઈ પરમાર, P.S.E – સવિતાબેન જાદવ, વર્કર બહેનો હેલ્પર બેન તેમજ સગર્ભા અને ધાત્રી માતાઓ, કિશોરીઓ હાજર રહ્યા હતાં. તેમજ બાળકોના વાલીઓ પણ આ તકે હાજર રહ્યા હતાં, તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## દામનગરમાં લાંબી આતુરતાનાં અંતે

પંથકમાં પુરતા પ્રમાણમાં વરસાદ ન થવાથી સ્વાભાવિક છે કે ચિંતા થાય. ગઈકાલે શુક્રવારે બપોર બાદ કાળા ડિબાંગ વાદળો ને આકાશી ગડગડાટી સાથે એક ઈંચથી થોડો વધુ વરસાદ વરસતા દામનગરનાં લોકોમાં થોડીક રાહત તો થઈ હતી. પરંતુ આજ સુધી કુંભનાથ મહાદેવ મંદિરનું અને ભુરખીયા માર્ગ પર આવેલ ભુરખીયા સરોવર (તળાવ) બંને ખાલીખમ છે. નહિવત પાણી છે. છેલ્લા થોડાક દિવસથી વરસાદી વાતાવરણ થાય છે પરંતુ માત્ર સરવડા અને છુટોછવાયો વરસાદ આ પંથકમાં પડી રહ્યો છે. હજુ જો કે ચોમાસાના ઘણા બધા દિવસો બાકી હોય આ વિસ્તારમાં મેઘરાજા ખૂબ જ વરસાદરૂપી વ્હાલ વરસાવશે એવી આશા રાખવામાં આવી રહી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૫૦ |
| ૨ | સોયાબીન | ૮૧૦ | ૮૬૭ |
| ૩ | ઘઉં લોકવન | ૫૨૪ | ૫૬૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૬૯ |
| ૫ | મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૬ | મગ | ૧૧૦૦ | ૧૫૬૫ |
| ૭ | તલ સફેદ | ૨૧૬૦ | ૨૪૨૫ |
| ૮ | ચણા | ૧૨૫૦ | ૧૪૬૦ |
| ૯ | તલ કાળા | ૩૨૦૦ | ૩૨૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં જગુપુલ નજીકથી

ગુણવત્તાવાળુ જવલ્લનશીલ પ્રવાહી કુલ લીટર–૪૨૦૦ કિંમત રૂપિયા ૨,૯૪,૦૦૦ તથા સી.સી. ટી.વી. કેમેરાનું ડી.વી.આર. કિંમત રૂા. ૩૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૯૭,૦૦૦ના મુદામાલ સાથે મળી આવી આવતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## જાહેર નોટિસ

**મહે.ખાંભાના જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ખાંભા**

અરજદાર :– કેશુભાઈ માધાભાઈ ભુંકણ
રહે.ભાવરડી, તા.ખાંભા, જિ.અમરેલી.
ફો.પ.અ.નં.૧૮૭/૨૦૨૪
મુદ્દત : તારીખ : ૦૩/૧૦/૨૦૨૪

// વિરૂધ્ધ //

સામાવાળા :– જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી/ ત.ક.મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ભાવરડી, તા.ખાંભા, જિ. અમરેલી.

**અરજદારનાં વિ. વકીલશ્રી : જે.એન.જોષી**

// જાહેર નોટિસ //

આથી આ જાહેર નોટિસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના પુત્ર **રાણીંગભાઈ કેશુભાઈ ભુંકણ**નો જન્મ **તા.૧૦/૦૨/૧૯૮૫**ના રોજ મોજે ગામ : ભાવરડી, તા.ખાંભા, મુકામે થયેલ અને તેની જન્મ–મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ–મરણ નોંધણી અધિનિયમ કલમ–૧૩ (૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ અરજદારના પુત્રના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા **મુદત તા.૦૩/૧૦/૨૦૨૪**ના રોજ **કલાક ૧૦:૩૦** વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી / અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહિતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તા.૦૫ મી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું.


| તૈયાર કરનાર (ડી.એમ.કલસરીયા) આસીસ્ટન્ટ | સિક્કો | મુકાબલ કરનાર (ડી.જે.પઠાણ) આસીસ્ટન્ટ | હુકમથી (એ.એસ.દવે) રજીસ્ટ્રાર – ખાંભા |
|---|---|---|---|

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૦૯૦ |
| ૨ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૭૦૦ |
| ૩ | તલ કાળા | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૬૦૧ |
| ૫ | બાજરો | ૪૯૦ | ૫૩૭ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૬ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૮૬૧ |
| ૮ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ૯ | મગ | ૧૫૦૧ | ૧૫૦૧ |
| ૧૦ | તુવેર | ૧૩૫૧ | ૧૩૫૧ |
| ૧૧ | ચણા | ૧૨૦૦ | ૧૩૯૦ |
| ૧૨ | જીરૂ | ૪૭૦૦ | ૪૭૦૦ |
| ૧૩ | એરંડી | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૧૪ | સોયાબીન | ૭૯૦ | ૮૪૫ |
| ૧૫ | અજમા | ૨૧૦૦ | ૨૧૦૦ |

# અમરેલીની ઓકસફર્ડ સ્કુલ ઓફ સાયન્સમાં શિક્ષક દિનની ઉજવણી





ઓકસફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ શૈક્ષણિક સંસ્થાના પ્રાથમિક વિભાગનાં ધોરણ – ૬ થી ૮નાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વયં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી. આ સમાજનું ઘડતર કરનાર અને સમાજને સુરક્ષિત રાખવામાં સૌથી મોટો ફાળો હોય તો એક શિક્ષકનો હોય છે. આજનો દરેક વિદ્યાર્થી ભવિષ્યનો નાગરિક છે. ક્ષણે ક્ષણે જ નવું શીખવ એનું નામ શિક્ષણ, જે માતૃહૃદય રાખીને એનું નામ શિક્ષક તો આજનો દિવસ દેશના શિક્ષકો માટે આદર અને સન્માનનો દિવસ છે આ નિમિતે શાળાના બાળકો દ્વારા દિવસની શરૂઆત પ્રાર્થનાસભાથી શરૂ કરીને સંપૂર્ણ દિવસ દરમિયાન વિદ્યાર્થીઓએ જાતે એક દિવસ શિક્ષક બનીને ઉત્સાહ અને ઉમંગભેર શિક્ષણ કરાવેલ અને અંતે શિક્ષક દિનમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો અને પ્રતિભાવો રજૂ કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય અને દરેક વિષય શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન પુરૂં પાડવામાં આવેલ અને કાર્યક્રમની સમાપન વિધિમાં અમારી શાળાના માર્ગદર્શન અને પ્રોત્સાહન પુરૂં પાડવામાં આવેલ અને કાર્યક્રમની સમાપન વિધિમાં અમારી શાળાના માર્ગદર્શન ગુરૂવર્ય એચ. એલ પટેલ અને સંસ્થાના સંવાહક મયુરભાઈ ગજેરા પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ખુબ જ સારી રીતે સ્વયં શિક્ષક દિન ઉજવવા બદલ વિદ્યાર્થીઓને જીવનમાં ખુબ જ આગળ વધવાના આશીર્વાદ પાઠવ્યા. અંતમાં શિક્ષક તરીકે શ્રેષ્ઠ શિક્ષણ કાર્ય કરાવવા બદલ વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપીને શાળાના સંચાલક દ્વારા ઉદબોધન આપીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા અને અંતે રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમની પુર્ણાહુતી થયેલ હતી.

# અમરેલી ખાતે આકાશ સેવાસેતુ દ્વારા "ગઝલ પઠન તથા ગાન" નો કાર્યક્રમ યોજાયો



તાલીમ ભવન અમરેલી માં આકાશ સેવાસેતુ દ્વારા 'ગઝલ પઠન તથા ગાન' નો કાર્યક્રમ યોજવામાં આવ્યો.જેમાં બી.એડ. કોલેજના ભાઈ બહેનો ૧૪ જેટલી સંખ્યામાં ભાગ લીધેલ અને અવસર' ગઝલ સંગ્રહ માંથી ગઝલો સુંદર રીતે રજૂ કરેલ. દિપ પ્રાગટય ,સ્વાગત,મહેમાનોનો પરિચય પછી કાર્યક્રમ શરૂ કરાયો અને દરેક સ્પર્ધકોએ પઠન ગાન કર્યુ.જેમાં પ્રથમ ત્રણ તથા અન્ય બે પ્રોત્સહક ઈનામો આપવામાં આવ્યા.મહેન્દ્રભાઈ જોષી,વાસુદેવભાઈ સોઢાએ નિર્ણાયક તરીકે સેવા આપેલ

### જય વેલનાથ સેવા સમાજ ટ્રસ્ટની રજુઆત

## અમરેલી જીલ્લાનાં કોળી સમાજને જાતીનો દાખલો મેળવવામાં મુશ્કેલી

### કેબિનેટ મંત્રી કુવરજીભાઈ બાવળીયાને રજૂઆત કરી



અમરેલી, તા. ૬

અમરેલી કોળી સમાજને જાતિના દાખલા કઢાવવામાં પડતી મુશ્કેલીને લઈ અન્ન પુરવઠા મંત્રી બાવળીયાને રૂબરૂમળી રજુઆત કરવામાં આવી હતી.


અમરેલી જય વેલનાથ સેવા સમાજ ટ્રસ્ટના પ્રમુખ રમેશભાઈ મકવાણા તેમજ મહિલા દિવ્યાંગ દિપ સેવા ચેરીટેબલ ટ્રસ્ટના મુન્નાભાઈ રાઠોડ દ્વારા અન્ન પુરવઠા મંત્રી કુવરજીભાઈ બાવળીયા સાહેબની રૂબરૂ મુલાકાતે લઈ અમરેલી જીલ્લામાં બક્ષીપંચ પછાતવર્ગના જાતિના દાખલા કઢાવવામાં પડતી મુશ્કેલી બાબતે રજુઆત કરી હતી. તેમજ અમરેલી જીલ્લા કોળી સમાજને જાતિના દાખલા કઢાવવામાં કચેરીમાં વાર-વાર ધકકા ખાવા પડતા હોય અને અનેકવાર રૂબરૂ મૌખિક રજુતો કરી હોય તેમ છતાં અરજદારોને ધરમના ધકકા ખાવા પડતા હોય અને તેમ છતાં પણ કચેરીમાંથી સંતોષકારક જવાબો પણ મળતા નથી.

જેને લઈ આ બંને લોકોએ મંત્રી કુવરજીભાઈ બાવળીયાની રૂબરૂ મુલાકાત કરી અને આ તમામ હકિકત થી વાકેફ કરી રજુઆત કરી હતી. અને વધુમાં જણાવ્યું હતું કે અમુક પુરાવા ન હોય તો સોંગદનામાના આધારે પણ જાતિનો દાખલો કાઢી આપે જેથી અભણ અરજદારો હેરાન-પરેશાન ન થાય તે માટેની રજુઆત પણ કરી હતી.

### ગટરની જાળવણી ખર્ચ પેટે

## લીલીયા મોટા : ગ્રામ પંચાયતને રૂપિયા ૪ લાખનો ચેક અર્પણ

### સાસંદ સુતરીયાનાં હસ્તે ચેક અર્પણ



લીલીયા મોટા, તા. ૬

લીલીયા મોટા ની ગ્રામ પંચાયત કચેરીમાં સફાઈ મેન્ટેનન્સની રકમ છેલ્લા દસ વર્ષથી આવેલ ન હોય ત્યારે સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા દસ દિવસમાં મેન્ટેનન્સના રૂપિયા ચાર લાખનો ચેક લીલીયા ગ્રામ પંચાયતના સરપંચ જીવનભાઈ વોરાને અમરેલી સ્થિત જિલ્લા પંચાયત કચેરી ખાતે બોલાવી અનેચેકઆપવામાંઆવેલ આ તકે લીલીયા ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા જિલ્લાવિકાસઅધિકારી, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તાલુકા પંચાયતના પ્રમુખ ગીતાબેન નાકરાણી જિલ્લા પંચાયત સદસ્યા રમીલાબેન ધોરાજીયા, વિપુલભાઈ દૂધાતનો હૃદય પૂર્વક આભાર માની રહેલ છે તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદીમાં જણાવેલ છે.

### પીએસઆઈ ડાંગરના અધ્યક્ષ સ્થાને

## વડિયા પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની મિટિંગ યોજાઈ


### ગણેશ ઉત્સવ અને ઈદે મિલાદને લઈને બેઠક યોજાઈ



અમરેલી, તા.૬

સમગ્ર દેશમાં હિન્દૂ મુસ્લિમ સહીત તમામ ધર્મના લોકો પોતાના તહેવાર ઉજવે છે ત્યારે આવનાર ટૂંકાગાળા માં ઈદેમિલાદ અને ગણેશ ઉત્સવ બંને હિન્દૂ મુસ્લિમ ધર્મ ના સાથે આવતા હોવાથી વડિયા પોલીસ સ્ટેશન ના ઈન્ચાર્જ પીએસઆઈ ડાંગરના અધ્યક્ષ સ્થાને બંને ધર્મના આગેવાનોની એક મિટિંગ વડિયા પોલીસ સ્ટેશન ખાતે યોજવામાં આવી હતી જેમામુસ્લિમ ધર્મના મહમદ પેયગંબર સાહેબ ના જન્મદિવસ એવા ઈદે મિલાદના જુલુસમાં અને ભગવાન શીવ ના પુત્ર એવા શ્રી ગણપતિજી ની સ્થાપના, આરતી અને ગણપતિ વિસર્જન સમયે કોઈ અનીચ્છનીય ઘટના ના બને અને બંને ધર્મના લોકો શાંતિ પૂર્ણ રીતે પોતાના ધાર્મિક ઉત્સવ કાયદાની મર્યાદા માં રહી ઉજવે તેવી સૂચનાઓ આપી હતી. મિટિંગ માં હિન્દૂ ધર્મના આગેવાનોમાં મનીષભાઈ ઢોલરીયા, ભરતભાઈ વઘાસીયા, શૈલેષભાઈ ઠુમ્મર, તુષારભાઈ ગણાત્રા, તુષારભાઈ વેગડ, ચેતનભાઈ દાફડા જયારે મુસ્લિમ ધર્મ ના આગેવાનો માં અકીલ પઠાણ, મુન્ના બાદશાહ, રાજુ પરીયટ અનીલભાઈ સહીતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## વડેરા ખાતે વાહકજન્ય રોગનો ફેલાવો ન થાય તે માટે કામગીરી



વડેરા, તા. ૬

વડેરા ખાતે વાહકજન્ય રોગો જેવાં કે મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા રોગોન ફેલાવો ના થાય તે માટે જીલ્લા મેલેરિયા અધિકારી ડો. સિગ તાલુકા હેલ્થ ઓફિસર ડો. સિન્હા તથા પા.આ. કેન્દ્ર મોટા આંકડીયાના મેડિકલ ઓફિસર ડો. કીર્તિ મેડમની સૂચના અનુસાર વડેરા ગામના ૧૫ જેટલાં ઘરોની ખુલ્લી પાણીની ટાકીઓમાં તથા ગામના અવેડામાં ગપ્પી માછલીઓ મૂકવામાં આવેલ તથા ગ્રામજનો વાહકજન્ય રોગો વિષે માહિતગાર કરવામાં આવેલ. આ કામગીરીને સફળ બનાવવા ગામના સ્થાનિક આરોગ્ય કર્મચારીઓ એસ. પી. રાણવા, ડી.જી. રાજયગુરૂ, કે.બી.દુધાત, બિલકીસબેન ભટ્ટી તથા કાજલબેન જાદવનો સહયોગ મળેલ હતો.

### અમરડેરીનાં ચેરમેન અશ્વિન સાવલીયાની ઉપસ્થિતિમાં

## બગસરાનાં નવી હળિયાદ ખાતે બાયોગેસ યુનિટની શરૂઆત કરવામાં આવી

### પ્રગતીશીલ ખેડૂતનું પ્રેરણાદાયી કાર્ય



બાયોગેસ યુનિટનું ફિટીંગ

બગસરા, તા. ૬

ફ્રેન્ડસ ઓફ વુમન્સ વર્લ્ડ બેન્કિંગ (FWWB) અને સુપુજા ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે અમરેલી જીલ્લામાં ટકાઉ ખેતી પ્રોત્સાહન કાર્યક્રમ ચાલી રહ્યો છે. જે અંતર્ગત આજે બગસરા તાલુકામાં નવી હળિયાદ ગામે પ્રગતિશિલ ખેડૂત એવા જમનભાઈ જોધાણી અને રેખાબેન જોધાણીના ફાર્મ પર બાયોગેસ યુનિટની શરૂઆત અશ્વિનભાઈ સાવલિયા, ચેરમેન, અમર ડેરીની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે.

ઓક્ષિજેન પ્લાસ્ટિક કેર કંપની દ્વારા સરકારની યોજના અંતર્ગત કરવામાં આવ્યા હતાં. યુનિટને ચલાવવા પશુનું છાણ, વધેલું અન્ન, ખેતીનો ઘન કચરો, અન્ય લીલો અને સૂકો કચરો નાંખવામાં આવે છે. થોડા દિવસની પ્રક્રિયા બાદ યુનિટમાંથી ગેસ ઉત્પન્ન થાય છે જેને ઘરેલું ઉપયોગમાં લઈ શકાય ત્યારબાદ પ્રવાહી રૂપે સ્લરી નીકળે છે જે ખેતીમાં ખાતર તરીકે ઉપયોગ કરી શકાય, જે સંપૂર્ણ કુદરતી છે અને પુષ્કળ માત્રામાં પોષક તત્વો રહેલા છે. ખેતીમાં ઉપયોગ કરવાથી જમીન સુધરે છે અને પાક સારો થાય છે અને ખૂબ સારા પરિણામો મળે છે, જે રાસાયણિક ખાતરનો ખેડૂતોને શ્રેષ્ઠ વિકલ્પ પૂરો પાડે.સ્થાનિક કક્ષાએ બાયોગેસ સ્લરીની વેચાણ વ્યવસ્થા બગસરા તાલુકામાં કાર્યરત ધરતીરક્ષા એગ્રો પ્રોડયુસર કંપની લિમિટેડ મારફત વ્યાજબી ભાવે કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટનાં પ્રતિનિધિ દેવચંદભાઈ સાવલિયા, ધરતીરક્ષા એગ્રો પ્રોડયુસર કંપની લિમિટેડના ચેરમેન અને ડાયરેકટર ધબક અમરેલી પ્રોડયુસર કંપની લિમિટેડના ચેરમેન ઉપસ્થિત રહ્યા હતાં. તેમજ ગામના સરપંચ અને બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહી ખેતી વિષયક માર્ગદર્શન મેળવ્યું હતું.

## પાણીયા પ્રાથમિક શાળામાં શિક્ષક દિનની ઉજવણી કરાઈ



અમરેલી, તા. ૬

પાંચમી સપ્ટેમ્બર સર્વપલ્લી રાધાકૃષ્ણની જન્મ જયંતિ જે 'શિક્ષક દિવસ'ની ઉજવણી દેશ વ્યાપી ઉજવણી કરવામાં આવે છે તે રીતે પાણીયા પ્રાથમિક શાળામાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અહીં ધોરણ : ૮ ના વિદ્યાર્થીઓએ અલગ અલગ વિષયના શિક્ષક બની શૈક્ષણિક કાર્ય ખૂબ સારી રીતે કરી શિક્ષકની ભૂમિકા ભજવી હતી. વિદ્યાર્થીઓએ પોતાના એક દિવસ શિક્ષક બનવાના અનુભવ પણ જણાવ્યા હતાં.

આજ દિવસે શાળા શિક્ષક ગુણવંતરાય લાલજીભાઈ હિરપરા સાહેબને ગુજરાત રાજય સરકાર શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવતા સન્માનમાં અમરેલી તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ કૌશિકભાઈ વેકરિયા નાયબ દંડક ગુજરાત વિધાનસભાના અદયક્ષાના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળા પરિવાર હર્ષની લાગણી અનુભવી શુભેચ્છાઓ પાઠવે છે.

# અમરેલી : બ્રહ્માકુમારીઝ ખાતે ત્રિવિધ શિક્ષકોનો સન્માન કાર્યક્રમ યોજાયો





આજરોજ બ્રહ્માકુમારી દિવ્ય અનુભૂતી ભવન કેરીયા રોડ અમરેલી ખાતે શિક્ષક દિન નિમિત્તે પ્રથમ સુપ્રિમટીચર પરમ શિક્ષક પરમાત્માનું ઈશ્વરીય વિદ્યાર્થીઓએ દિલના ભાવોથી હૃદયપૂર્વક સ્વાગત સન્માન કર્યુ. પરમ શિક્ષક પરમાત્માનું આધ્યાત્મિક શિક્ષણ જન જન સુધી પહોંચાડનાર નિમિત સર્વ બ્રહ્માકુમારી બહેનો રૂદ્રાની દ્રષ્ટિ અને પવિત્ર વાયબ્રેશન બધાને આપ્યા અમરેલીની આજુબાજુના ૨૫ ગીતા પાઠશાળા ચલાવનાર નિમિત ટીચર તથા ખરા અર્થમાં સ્કુલ, કોલેજ ટયુશન કલાસના શિક્ષકોનું તિલક, ફુલ, વરદાન અને ખેસ પહેરાવી ભગવાનના ઘરની અમૂલ્ય ભેટ આપી સન્માનિત કરેલ. આ પ્રસંગે કેન્દ્રના મુખ્ય સંચાલિકા ગીતાદીદીએ જણાવેલ કે શિક્ષક શિક્ષાની સાથે સાથે દિક્ષા પણ આપે છે. બાળકોને પુસ્તકની સાથે બાળકોમાં શ્રેષ્ઠ ચરિત્રનું નિર્માણ કરી ખરા અર્થમાં શિક્ષિત બનાવે છે. શિક્ષાની સાથે સમાભાવ, રહેમભાવ રાખી આત્માનું કલ્યાણ કરે છે. શિક્ષા સાથે સ્વરૂપ બદલી અનેક આત્માઓને બાબાનું દિવ્ય જ્ઞાન આપી વિશ્વ કલ્યાણ કરી સંસારનું પરિવર્તન કરશે. અંતમાં ફરી સર્વે શિક્ષક ભાઈ-બહેનોને દિલની દુઆઓ સાથે શુભકામના પાઠવેલ. કાર્યક્રમનું સફળ સંચાલન તથા આયોજન બ્ર.કુ. કિંજલબહેને કરેલ તેમ આઈ.પી. બારડની યાદી જણાવે છે.

## છેલ્લા અઢી વર્ષથી પાલિકામાં ચીફ ઓફિસરની કાયમી જગ્યા ખાલી

# રાજુલા શહેરમાં શહેરીજનનો રાડ પાડી જાય તેટલી સમસ્યાઓ

### શહેરમાં ઠેકઠેકાણે ગંદકીનો માહોલ, જયાં ત્યાં ઉભરાતી ગટરનો પણ માહોલ

અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લાનાં દરિયાકાંઠે આવેલ જયાં નજીકમાં જ પિપાવાવ પોર્ટ, અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની જેવા મહાકાય ઉદ્યોગો ધમધમી રહ્યા છે તેવા રાજુલા શહેરમાં શહેરીજનોને પ્રાથમિક સુવિધાઓ આપવામાં પાલિકા તંત્ર સદંતર નિષ્ફળ સાબિત થયું હોય જાગૃત નાગરિક શિરીષભાઈ જાગાણીએ પાલિકાનાં કમિશનરને પત્ર પાઠવીને રજૂઆત કરેલ છે.

### પાલિકા કચેરીમાં મોટી સંખ્યામાં કર્મચારીઓની જગ્યાઓ ખાલી, વાહનો પણ બંધ

તેઓએ પત્રમાં જણાવેલ છે કે, પાલિકાનાં મુખ્ય અધિકારીની જગ્યા બેથી અઢી વર્ષથી ખાલી છે. ઈન્ચાર્જ અધિકારીને જવાબદારી સોંપવામાં આવી રહી છે. તો પાલિકામાં અન્ય અનેક કર્મચારીઓની જગ્યાઓ પણ ખાલી હોવાથી શહેરમાં નિયમિત સફાઈ કાર્ય થતું નથી. ગટર ઠેકઠેકાણે ઉભરાયેલી હાલતમાં જોવા મળે છે તો રખડતા પશુઓનાં લીધે અવારનવાર અકસ્માતની ઘટના બની રહી છે.

### શહેરમાં રખડતા પશુઓનાં કારણે અવારનવાર અકસ્માતની પણ ઘટના બને

### શહેરની અંદાજિત એક લાખની જનસંખ્યાને પ્રાથમિક સુવિધા પણ મળતી નથી

વધુમાં જણાવેલ છે કે, સ્થાનિકથી લઈને ઉચ્ચકક્ષા સુધી અવારનવાર રજૂઆત કરવામાં આવી છતાં હજુ સુધી કોઈ પ્રશ્નનું સમાધાન થયું ન હોય યોગ્ય કરવા અંતમાં માંગ કરેલ છે.

---

#### ચોમાસાનાં કારણે અકસ્માતની ઘટના

## ખાંભાનાં ચતુરી ગામે પગ લપસી જતાં કૂવામાં પડી જવાથી યુવકનું મોત

### ઊંડા કૂવામાં ગરકાવ થતાં કમકમાટીભર્યુ મોત

અમરેલી, તા. ૬

ખાંભા તાલુકાના ચતુરી ગામે રહેતા ભાવેશભાઈ બાલુભાઈ ભુકણના ઘરની બાજુમાં તેના મામા જીણાભાઈ વાઘોશીનો કુવો આવેલ હોય. ત્યાંથી તેમનાના ઘરે પીવાનું તથા વાપરવાનું પાણી આવતું હોય. જેથી રાજુભાઈ બાલુભાઈ ભુકણ (ઉ.વ. ૨૪) ગત તા. ૫ ના રોજ સાંજે ૫:૩૦ પહેલા કોઈપણ સમયે વાડી ખેતરે મોટર ચાલું કરવાં જતાં ચોમાસાની સીઝનના લીધે અકસ્માતે પગ લપસી જવાના કારણે રાજુભાઈ બાલુભાઈ ભુકણ કુંવાના ઉંડા પાણીમાં ડુબી જવાથી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

#### લાયસન્સ વગર વેચાણ થતું હતું

## અમરેલીનાં જગુપુલ નજીકથી ગેરકાયદેસર રીતે વેચાણ થતાં જવલ્લનશીલ પ્રવાહીનો જથ્થો ઝડપાયો

### પોલીસે રૂપિયા ૨.૯૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, તા. ૬

અમરેલી તાલુકાના પીપળલગ ગામે રહેતા દિગ્વિજયભાઈ ઉર્ફે લાલભાઈ દાનકુભાઈ વાળાએ પોતાના કબ્જા/ ભોગવટાના અમરેલી–કુંકાવાવ રોડ, જગુપુલ પાસે આવેલ મોગલ કૃપા એન્ટર પ્રાઈઝમાં MEE ઈનડિઝલ કંપનીનો પંપ બનાવી સરકારની મંજુરી વગર તથા સ્થાનિક પ્રશાસન તથા ફાયરની એન.ઓ.સી. તેમજ કોઈ પણ જાતના લાયસન્સ વગર ભેળસેળ યુકત હલકી ગુણવત્તાવાળુ જવલ્લનશીલ પ્રવાહીનો જથ્થો પોતાના કબ્જામાં રાખી માત્ર ઈન્ડસ્ટ્રીયલ હેતુ માટે ઉપયોગ કરવામાં આવતુ હોવાનુ જાણતા હોવા છતાં આ જથ્થો ગેરકાયદેસર રીતે મંગાવી આર્થીક લાભ મેળવવાના ઈરાદે વાહનમાં ઈંધણ તરીકે ઉપયોગ માટે છુટક વેંચાણ કરી જાહેર સ્થળે હવાને દુષિત કરવાનુ કૃત્ય કરી બીજાની જીંદગી જોખમમાં મુકાય અને કોઈ વ્યકિતને હાની થવાનો સંભવ હોવાનું પોતે જાણવા છતાં ભેળસેળ યુકત હલકી

અનુસંધાન પાના ૬ ઉપર

---

#### પટેલ વાડી નજીકની ઘટના

## અમરેલીનાં ગજેરાપરામાં રહેતા સિક્યુરીટી ગાર્ડનાં મકાનમાંથી ચોરી

### અજાણ્યો ચોર ઈસમ ૬૩ હજારનો મુદ્દામાલ ઉઠાવી ગયો

અમરેલી, તા. ૬

અમરેલી ગજેરાપરા પટેલ વાડી પાસે રહેતા વિનુભાઈ ડાયાભાઈ ગોહિલ નામનાં ૬૪ વર્ષિય વૃધ્ધ પોતે સીકયુરીટી તરીકે કામગીરી કરતાં હોય. ગત તા. ૨ ના રોજ સવારે ૯:૩૦થી સાંજના ૭:૪૫ વાગ્યા દરમિયાન તેમના મકાનની અંદર ડેલી ટપી અંદર મકાનમાં પ્રવેશ કરી જુના ઘરના તાળા તોડી જુના ઘરમાં રાખેલ કબાટમાંથી રોકડા રૂપિયા ૫૯૦૦૦ તથા એક સોનાની વીંટી નંગ–૧ કિંમત રૂપિયા ૪૦૦૦ મળી કુલ રૂપિયા ૬૩૦૦૦ ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---






---

#### સુપ્રસિધ્ધ નાગનાથ મંદિરનાં પટાંગણમાં યોજાતા

## અમરેલીનાં સાર્વજનિક ગણેશ મહોત્સવનાં ૧૨૫ વર્ષ પુરા થતાં હોય અનેરો ઉત્સાહ

### અગાઉ મહારાષ્ટ્રીયન અને છેલ્લા ૪૦ વર્ષથી નાગનાથ યુવક મંડળ દ્વારા આયોજન



અમરેલી, તા. ૬

અમરેલીનાં ૨૦૦ વર્ષ કરતાં વધુ સમયથી સુપ્રસિધ્ધ સ્વયંભુ નાગનાથ મંદિરમાં છેલ્લા ૧૨૫ વર્ષથી સાર્વજનિક ગણેશોત્સવનું આયોજન શરૂઆતમાં મહારાષ્ટ્રીય મંડળ અને છેલ્લા ૪૦ વર્ષથી નાગનાથ યુવક મંડળ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

આવતીકાલથી શરૂ થતાં ૧૨૫ માં ગણેશોત્સવ દરમિયાન ૨૫ અલગ–અલગ પ્રકારની ગણપતી મૂર્તિનું સ્થાપન કરવામાં આવેલ છે. બાલચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ છે.

સવારનાં ૮ થી બપોરનાં ૧૨ અને સાંજના ૫ થી રાત્રિનાં ૧૧ સુધી દર્શનનો લાભ મળશે અને મહાઆરતી દરરોજ સાંજે ૮ કલાકે યોજાશે. તો ધાર્મિકજનોને લાભ લેવા નાગનાથ યુવક મંડળ દ્વારા અનુરોધ કરવામાં આવી રહ્યો છે.

---

#### માચ્છીમારી દરમિયાન ઘટના બની

## જાફરાબાદનાં દરિયાકાંઠાથી ૪૫ નોટિકલ માઈલ દુર બોટ ડુબી : ખલાસીઓનો બચાવ

### તમામ ખલાસીઓનો આબાદ બચાવ થતાં હાશકારો

અમરેલી, તા. ૬

જાફરાબાદ દરિયામાં ૪૫ નોટીકલ માઈલ દૂર માચ્છીમારી કરવા ગયેલ એક બોટ ડુબી જવા પામેલ છે. જો કે ૮ ખલાસીઓને આબાદ બચાવ થયો હતો.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ જાફરાબાદ પંથકની હુસેની નામની બોટ દરિયામાં ૪૫ નોટીકલ માઈલ દૂર માચ્છીમારી કરવા ગયેલ હોય ત્યારે કોઈ કારણોસર આ હુસેની નામની બોટ



મધદરિયે બોટ ડૂબવા લાગતા આ સમયે કુળદેવી બોટે ૮ ખલાસીઓને આબાદ બચાવ થયો હતો. ૮ ખલાસીઓને લઈને કુળદેવી બોટ જાફરાબાદ બંદર કિનારે મોડી રાત્રે આવી પહોંચશે

---

#### અપુરતા વરસાદથી સૌ ચિંતિત બન્યા હોય

## અરે વાહ : દામનગરમાં લાંબી આતુરતાનાં અંતે એકાદ ઈંચ વરસાદથી ઠંડક પ્રસરી

### હજુ પણ વરસાદ પડે તેવી પ્રાર્થના શરૂ



દામનગર, તા. ૬

ગુજરાત સરકારનાં હવામાન વિભાગ અને આગાહીકાર અંબાલાલ પટેલ દ્વારા આગાહી કરવામાં આવી રહી છે પરંતુ દામનગર

અનુસંધાન પાના ૬ ઉપર

---

#### સ્ટ્રીટલાઈટનાં અજવાળે ગંજી–પાના લઈને રમતા હોય

## અમરેલીનાં ગુજકોમાસોલ પાછળ ૪ મહિલા સહિત ૧૦ પત્તાપ્રેમીઓ ઝડપાયા

### પોલીસે રૂપિયા ૧૭૨૭૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, તા. ૬

અમરેલીના ગોકુળનગરમાં રહેતા અજયભાઈ કલ્યાણભાઈ રાધનપરા, કિશનભાઈ ચંદુભાઈ ગાંગડીયા, પ્રકાશભાઈ હંસરાજભાઈ રાઠોડ, બળવંતરાય મગનભાઈ ડાભી, મહેશભાઈ કરશનભાઈ પનારા, સુનીલભાઈ પ્રતાપભાઈ ગાંગડીયા, આયશાબેન યોગેશભાઈ સુરેલા,

અનુસંધાન પાના ૬ ઉપર

---









*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)